# Telephone conversation between Prime Minister Shri Narendra Modi and His Excellency Vladimir Putin, President of the Russian Federation

December 20, 2021

# વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી અને રશિયન ફેડરેશનના પ્રમુખ વ્લાદિમીર પુતિન વચ્ચે ટેલિફોન પર વાતચીત

ડિસેમ્બર 20, 2021

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ આજે રશિયન ફેડરેશનના પ્રમુખ મહામહિમ વ્લાદિમીર પુતિન સાથે ટેલિફોન પર વાત કરી હતી.

બંને નેતાઓએ તેમની વાતચીતમાં મહામહિમ પ્રમુખ પુટિનની તાજેતરની ભારત મુલાકાત દરમિયાન ચર્ચા કરાયેલા કેટલાક મુદ્દાઓ પર ફોલોઅપ કર્યું હતું. આ વાતચીતે આજે આ મુદ્દાઓ પર ભવિષ્યની કાર્યવાહીને મજબૂત કરવામાં મદદ કરી છે, જેમાં સંરક્ષણ સહયોગને આગળ વધારવાની તકો, રાસાયણિક ખાતરના પુરવઠામાં સહકાર, રશિયન ફાર ઈસ્ટ સાથે ભારતની જોડાણ વધારવાનો સમાવેશ થાય છે. આ વાતચીતમાં આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ પર મંતવ્યોનું આદાનપ્રદાન કરવાની પણ મંજૂરી મળી હતી.

બંને નેતાઓ ભારત-રશિયાની ખાસ અને વિશિષાધિકાર આધારિત વ્યૂહાત્મક ભાગીદારી હેઠળ આવરી લેવામાં આવતા તમામ પાસાઓ પર નિયમિત સંપર્કમાં રહેવા અને દ્વિપક્ષીય સહયોગ તેમજ બહુપક્ષીય મંચોમાં વાતચીત અને સંકલનને વધુ ગાઢ બનાવવા માટે સતત પ્રયત્ન કરવા સંમત થયા હતા.

**નવી દિલ્હી**
**ડિસેમ્બર 20, 2021**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.